### એક તરફ દેશમાં મોટી વૈશ્વિક રમત ઇવેન્ટના આયોજનના અભરખાં બીજી તરફ આવી ઘટના કાળી ટીલી સમાન

# પોલ વોલ્ટ એથ્લેટ ટીમ સાથે પનવેલ રેલવે સ્ટેશને ગુનેગાર જેવું વર્તન

**નેશનલ** રેકોર્ડ હોલ્ડર પોલ વોલ્ટર્સ અને કોચને ટ્રેનમાંથી ઉતારીને પાંચ કલાક સુધી બેસાડી રખાયા

**પોતાની** સાથે ટ્રેનમાં મોંઘા પોલ લઇ જતા દેવ કુમાર મીણાને રેલવે અધિકારીઓ દ્વારા દંડ ફટકારાયો

**દંડ** ભર્યા પછી પણ એવી શરત મૂકાઇ કે જો કોઇ મુસાફર ફરિયાદ કરશે તમારી સામે વધુ કાર્યવાહી થશે




## એરપોર્ટ અને રેલવે બધે જ પોલ વોલ્ટર્સને આ સમસ્યા નડે છે તો અમારે ક્યાં જવું : પોલ વોલ્ટર્સ કુલદીપ

બેંગલુરુ સ્પર્ધામાં ૫.૧૦ મીટરના જમ્પ સાથે ગોલ્ડ મેડલ જીતનાર કુલદીપ યાદવે સતત સમસ્યાઓ પર નિરાશા વ્યક્ત કરી હતી. તેણે દાવો કર્યો હતો કે પોલ વોલ્ટર્સને હવાઈ મુસાફરી દરમિયાન લગેજ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તેણે કહ્યું કે એરપોર્ટ પર પણ આ જ સમસ્યા છે, ટ્રેનોમાં પણ આ જ સમસ્યા છે. રમતવીરો ક્યાં જશે? અમને મુસાફરી કરવા માટે જગ્યાની જરૂર છે. ભલે અમારે તેના માટે પૈસા ખર્ચવા પડે, અમે તે કરીશું, પરંતુ અમારું લગેજ યોગ્ય રીતે પહોંચાડવું જોઈએ.

નવી દિલ્હી, તા. 20 : એકતરફ મોદી સરકાર દેશમાં રમતની મોટી વૈશ્વિક ઈવેન્ટના આયોજનના અભરખા રાખે છે અને તેના માટેના પ્રયાસો સતત ચાલુ છે ત્યારે ભારતમાં જ દેશના નેશનલ રેકોર્ડ હોલ્ડર પોલ વોલ્ટર દેવ કુમાર મીણા અને તેમની ટીમ ઓલ ઈન્ડિયા ઇન્ટર-યુનિવર્સિટી ચેમ્પિયનશિપમાંથી પરત ફરી રહી હતી ત્યારે તેમની સાથે પનવેલ રેલવે સ્ટેશને ગુનેગાર જેવું વર્તન કરીને પોતાની સાથે પોલ રાખવા બદલ તેમને ટ્રેનમાંથી ઉતારીને પાંચ કલાક સુધી બેસાડી રાખીને પછી દંડ ભરીને પોલ સાથે લઈ જવાની શરતી મંજૂરી આપવામાં આવી હતી કે જો એક પણ મુસાફરે પોલ દ્વારા કબજે કરેલી જગ્યા વિશે ફરિયાદ કરી, તો તેમની સામે વધુ કાર્યવાહી કરવામાં આવશે.

જુલાઈ 2025માં જર્મનીમાં વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં ત્રીજી વખત પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને 5.40 મીટરનો નવો રેકોર્ડ બનાવનાર દેવ, મેંગલુરુમાં ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાંથી તેના સાથી ખેલાડી કુલદીપ અને કોચ ઘનશ્યામ સાથે પરત ફરી રહ્યા હતા. કોચ ઘનશ્યામે કહ્યું, અમે મેંગલોરમાં ઓલ ઈન્ડિયા ઇન્ટર-યુનિવર્સિટી ચેમ્પિયનશિપમાંથી પાછા ફરી રહ્યા હતા અને મહારાષ્ટ્રના પનવેલથી ભોપાલ જતી ટ્રેન પકડવાની હતી. અમે સ્ટેશનની બહાર જમવા ગયા હતા અને કેટલાક રમતવીરો પોલ પાસે બેઠા હતા. ટીસીએ તેમને પોલ હટાવવાનું કહ્યું, તેથી મેં આવીને તેમને કહ્યું કે તે પોલ વોલ્ટ છે અને તેમને ભાગીદારીનો પુરાવો અને મેડલ બતાવ્યો હતો પણ ટીસી પર તેની કોઈ અસર પડી નહોતી. પાંચ કલાક રાહ જોયા પછી અને દંડ ભર્યા પછી, તેમને બીજી ટ્રેનમાં ચઢવાની મંજૂરી આપવામાં આવી હતી.

## ઇન્ટરનેશનલ ખેલાડી સાથે આવું વર્તન થાય તો જૂનિયર્સની શું હાલત થતી હશે : દેવ કુમાર મીણા

એશિયન અંડર-20 બ્રોન્ઝ મેડલ વિજેતા દેવે કહ્યું કે હું એક ઇન્ટરનેશનલ ખેલાડી છું, અને જો ભારતમાં હજુ પણ મારી સાથે આવી ઘટનાઓ બની રહી છે, તો જુનિયર્સનું શું? આ નવું નથી. અમે ફક્ત ઇચ્છીએ છીએ કે કોઈ તેના વિશે કંઈક કરે. તેણે કહ્યું કે અમે કેટલીક માર્ગદર્શિકા ઇચ્છીએ છીએ જેથી ખાતરી કરી શકાય કે અમારા સાધનો એ જ રીતે મુસાફરી કરે જે રીતે રમતવીરો મુસાફરી કરે છે. પોલ અને ભાલા માટે કેટલીક વ્યવસ્થા હોવી જોઈએ.

## રેલવે સ્પોર્ટ્સ ઓફિસર ઓલિમ્પિયન રણજીત મહેશ્વરીની વાત પણ ટીસી ન માન્યા

ઘનશ્યામે મુંબઈમાં રેલવે સ્પોર્ટ્સ ઓફિસર ઓલિમ્પિયન રણજીત મહેશ્વરી અને તેમની પત્ની સુરેખા જે પોતે પોલ વોલ્ટર છે, તેમની સાથે પણ વાતચીત કરાવી હતી. બંનેએ કહ્યું હતું કે ખેલાડીઓને હેરાન ન કરો કારણ કે જો કાલે સોશિયલ મીડિયા પર આ વાત સામે આવશે તો તેનાથી ગંભીર બદનામી થશે. અમે તેમને મધ્યપ્રદેશ સરકારના રમતગમત વિભાગના લેટરહેડ પર લખેલો એક પત્ર પણ બતાવ્યો, જેમાં લખ્યું હતું કે આ રમતગમતના સાધનો છે અને તેને લઈ જવાની મંજૂરી આપવી જોઈએ, પરંતુ અમને સાંભળવામાં આવ્યા નહીં.

## બે લાખ રૂપિયાનો પોલ લગેજમાં મોકલવામાં તૂટી જવાનો ડર હોય છે : કોચ ઘનશ્યામ

કોચ ઘનશ્યામએ કહ્યું હતું કે ટીસીએ એમને તે લગેજમાં મોકલવાનું કહ્યું હતું, પરંતુ તે પાંચ મીટર લાંબો છે અને લગેજમાં ફિટ ન થાય વળી તે તૂટવાનું જોખમ રહેલું છે. જે રીતે વસ્તુઓ લગેજમાં નાખવામાં આવે છે, તે રીતે ફાઇબરગ્લાસનો પોલ તૂટી શકે છે, અને દરેક પોલની કિંમત બે લાખ રૂપિયા છે. અમારી પાસે છ કે સાત પોલ હતા. ઘનશ્યામ સમજાવે છે કે તે ખેલાડીઓ સાથે થર્ડ એસીમાં મુસાફરી કરે છે અને કોઈપણ અસુવિધા ટાળવા માટે સ્લીપર અથવા જનરલ કમ્પાર્ટમેન્ટમાં પંખા પર પોલ મૂકે છે.

## કોચ ઘનશ્યામે કહ્યું કે ટીસીએ અમારી પાસે દંડ પેટે 8000 રૂપિયા માગ્યા હતા



કોચ ઘનશ્યામે કહ્યું કે અમે ટીસીને પણ બતાવ્યું કે થાંભલો ક્યાં મૂકવામાં આવ્યો છે, અને તેનાથી કોઈ મુસાફરને કોઈ અસુવિધા થતી નથી, પરંતુ તેણે 8,000 રૂપિયા ચાર્જ ચૂકવવાનો અથવા થાંભલો પાછળ છોડી દેવાનો આગ્રહ રાખ્યો. મેં હાથ જોડીને કહ્યું કે હું 8,000 રૂપિયા ક્યાંથી લાવીશ?' અને જો હું ચાર્જ ચૂકવીશ તો પણ પોલ કેવી રીતે દૂર થશે? અમે એક ટ્રેન પણ ચૂકી ગયા, અને ઘણી વિનંતીઓ પછી, આખરે અમને 80 કિલો માટે રૂ.1,875 નો દંડ ફટકારવામાં આવ્યો, જે અમે અમારા પોતાના ખિસ્સામાંથી ચૂકવ્યો. તેમાં લગભગ ચાર થી પાંચ કલાક લાગ્યા.

---

## IPLની AI સ્પોન્સરશિપ માટે BCCIનો રૂ. 270 કરોડનો કરાર

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઇ) : બીસીસીઆઈએ ઇન્ડિયન પ્રીમિયર લીગ 2026 પહેલા ગૂગલના AI પ્લેટફોર્મ જેમિની સાથે 270 કરોડ રૂપિયાનો સ્પોન્સરશિપ સોદો કર્યો છે. જેમિનીની હરીફ કંપની ચેટ જીપીટી મહિલા પ્રીમિયર લીગના પ્રાયોજકોમાંની એક છે. બીસીસીઆઈના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે આ સોદો ત્રણ વર્ષ માટે છે અને તે આઈપીએલની વૈશ્વિક અપીલને પ્રતિબિંબિત કરે છે. ભારત સરકારે ડ્રીમ 11 જેવા રિયલ-મની ગેમિંગ પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂક્યા બાદ ગયા વર્ષે બીસીસીઆઈને નવા જર્સી સ્પોન્સર શોધવા પડ્યા હતા. એપોલો ટાયર્સ પાછળથી ૫૭૯ કરોડના સોદા પર હસ્તાક્ષર કર્યા પછી નવા જર્સી સ્પોન્સર બન્યા. ટાટા ગ્રુપ પાસે IPLના ટાઇટલ સ્પોન્સરશિપ અધિકારો છે. આ વર્ષે IPL 2026 26 માર્ચથી 31 મે દરમિયાન રમાશે.

## A+ કેટેગરી દૂર કરી BCCI સેન્ટ્રલ કોન્ટ્રાક્ટને સરળ બનાવશે

**નવા** સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં શુભમન ગીલ, જસપ્રીત બુમરાહ એ કેટેગરીમાં જ્યારે રોહિત-વિરાટ બી કેટેગરીમાં મૂકાશે

**A+** કેટેગરીમાં રોહિત, વિરાટ, બુમરાહ અને જાડેજા હતા, તેમાંથી બુમરાહ જ ત્રણેય ફોર્મેટમાં રમે છે

નવી દિલ્હી, તા. 20 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) ખેલાડીઓના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટને સરળ બનાવવા જઈ રહ્યું છે અને 2018માં રજૂ કરાયેલી A પ્લસ કેટેગરીને નાબૂદ કરવા જઈ રહ્યું છે.

વર્તમાન પોલિસી હેઠળ, A+ કેટેગરીના ક્રિકેટરોને વાર્ષિક રૂ. 7 કરોડ, A કેટેગરીના ક્રિકેટરોને રૂ. 5 કરોડ, B કેટેગરીના ક્રિકેટરોને રૂ. 3 કરોડ અને C કેટેગરીના ક્રિકેટરોને રૂ. 1 કરોડ આપવામાં આવે છે. હવે પછી વર્ષ 2025-26 માટે, ખેલાડીઓને A, B અને C કેટેગરીઓમાં મૂકવામાં આવશે.

છેલ્લી સાયકલમાં ફક્ત ચાર ખેલાડીઓ વિરાટ કોહલી, રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજા A+ કેટેગરીમાં હતા. તેમાંથી, ફક્ત બુમરાહ ત્રણેય ફોર્મેટમાં રમે છે. કોહલી અને રોહિત ફક્ત વન ડે રમે છે, જ્યારે જાડેજા ટેસ્ટ અને વન ડે રમે છે. આગામી એપેક્સ કાઉન્સિલની બેઠકમાં સેન્ટ્રલ કોન્ટ્રાક્ટને મંજૂરી આપવામાં આવશે. ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગિલ કેટેગરી A માં રહેશે. રોહિત અને વિરાટ એક જ ફોર્મેટમાં રમે છે તેથી તેઓ કેટેગરી B માં રહેશે.

## ન્યૂઝીલેન્ડ સામે આજે પહેલી ટી-20, સૂર્યાના ફોર્મ પર નજર

**આજથી** ન્યૂઝીલેન્ડ સામે ટી-20 સીરિઝની શરૂઆત, ભારત વન ડેની હારનો બદલો વાળવાનો પ્રયાસ કરશે

**ઇશાન** ત્રીજા ક્રમે બેટિંગ કરશે, ટી-20 વર્લ્ડકપ પહેલા પ્રેક્ટિસની જરૂર : સૂર્યકુમાર

**સાંજે** 7.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



નાગપુર, તા. 20 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ સામે પાંચ મેચની ટી-20 સીરિઝની આવતીકાલે બુધવારે અહીં પ્રથમ મેચ સાથે શરૂઆત થઇ રહી છે ત્યારે ભારત વન ડે સીરિઝમાં મળેલી હારનો બદલો લેવા અને આવતા મહિને ઘરઆંગણે યોજાનારા ટી-20 વર્લ્ડકપ માટે તેની તૈયારીઓને મજબૂત બનાવવાનો પ્રયાસ કરશે સાથે જ આ મેચમાં છેલ્લા કેટલાક સમયથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહેલા કેપ્ટન સૂર્યકુમાર યાદવ ફોર્મમાં પાછો ફરવા માટે ઉત્સુક રહેશે.

સૂર્યકુમાર યાદવે મંગળવારે મેચ પહેલાની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડ સામેની આગામી સીરિઝમાં ઈશાન કિશન ત્રીજા નંબરે બેટિંગ કરશે. તેણે કહ્યું કે તે છેલ્લા દોઢ વર્ષથી ભારત માટે રમ્યો નથી પરંતુ સ્થાનિક ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કર્યું છે.

જોકે, ભારતીય ટીમ પર વર્લ્ડકપમાં પોતાના ટાઇટલનું રક્ષણ કરવા અને ઘરઆંગણે રમવાનું દબાણ હશે અને સૂર્યકુમાર ન્યુઝીલેન્ડ સામેની સીરિઝ પહેલા ચોક્કસપણે આ બાબતોને ધ્યાનમાં રાખશે. ન્યુઝીલેન્ડ પાસે એક મજબૂત ટીમ છે અને તેણે છેલ્લા એક વર્ષમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે, જેમાં ભારત સામે ટેસ્ટ સીરિઝમાં ક્લીન સ્વીપ અને એક વનડે સીરિઝમાં જીતનો સમાવેશ થાય છે.

## ટી-20 વર્લ્ડકપ માટે ICCના દબાણને વશ નહીં થઇએ : આસિફ નઝરુલ

**પાકિસ્તાને** સ્થળ બદલવાનું કહેતા તે બદલાયું, અમે પણ તાર્કિક ધોરણે સ્થળ બદલવાની માગ કરી છે : બાંગ્લાદેશ સરકારના રમત સલાહકાર



ઢાકા, તા. 20 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને ભાગીદારી અંગે નિર્ણય લેવા માટે 21 જાન્યુઆરી સુધીનો સમય આપ્યો હોવા છતાં બાંગ્લાદેશ સરકારના રમતગમત સલાહકાર આસિફ નઝરુલે મંગળવારે પુનરોચ્ચાર કર્યો કે તેમની ટીમ કોઈપણ સંજોગોમાં ટી-20 વર્લ્ડકપ માટે ભારત જશે નહીં. જો બીસીબી 20 ટીમોની ટુર્નામેન્ટ માટે ભારતીય ટીમ નહીં મોકલે, તો વર્તમાન રેન્કિંગના આધારે સ્કોટલેન્ડને મેદાનમાં ઉતારી શકાય છે. નઝરુલે પત્રકારોને જણાવ્યું હતું કે મને ખબર નથી કે સ્કોટલેન્ડને અમારા સ્થાને સમાવવામાં આવ્યું છે. જો આઈસીસી, ભારતીય ક્રિકેટ બોર્ડના દબાણ હેઠળ, વાહિયાત શરતો લાદીને અમારા પર દબાણ કરવાનો પ્રયાસ કરશે, તો અમે તેને સ્વીકારીશું નહીં. તેમણે કહ્યું કે આવું પહેલા પણ બન્યું છે, જ્યારે પાકિસ્તાને કહ્યું કે તેઓ ભારત નહીં જાય તો આઈસીસીએ સ્થળ બદલ્યું હતું. અમે તાર્કિક ધોરણે સ્થળ બદલવાની માગ કરી છે અને ગેરવાજબી દબાણ સર્જીને અમને ભારતમાં રમવા માટે મજબૂર ન કરી શકાય.

---

### સુડોકુ



- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### હાડસંધિ લેપ

એળિયો, સાજીખાર, કાંટાળા માયા, હીરાબોળ, રેવનચીનો શીરો, લોદ્યા, મેંદાલાકડી , સરેશ, ઈસેશ, આંબાહળદર , ગુગળ, સમવજન થી લઈ દળી ભરી રાખો. જરૂર પડે ત્યારે થોડા ગરમ પાણીમાં ખરલ કરી લેપ બનાવી દર્દવાળા ભાગ પર લેપ કરી પાટો બાંધવો. મૂઢમાર, સોજો, મોચ, સ્નાયુઓનો દુખાવો, હાડકું ભાંગવું, લોહી જમવું, પડખાંમાં શૂળ માટે ઉપયોગી છે.

## ઓસ્ટ્રેલિયન ઓપન: સિનરના અભિયાનની સકારાત્મક શરૂઆત

**હરીફ** હ્યુગો ગેસ્ટન ચાલુ મેચ ખસતા ટાઇટલની હેટ્રિક પુરી કરવાના ઇરાદો ધરાવતા સિનર બીજા રાઉન્ડમાં

**ડિફેન્ડિંગ** ચેમ્પિયન મેડિસન કીઝ આગળ વધી, લૈલા ફર્નાન્ડીઝ અને સ્લોએન સ્ટીફન્સ પહેલા રાઉન્ડમાં હારી



મેલબોર્ન, તા. 20 (એપી) : ઓસ્ટ્રેલિયન ઓપનમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન યાનિક સિનર અને મેડિસન કીઝે મંગળવારે અહીં ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચીને તેમના ટાઇટલ ડિફેન્ડની સકારાત્મક શરૂઆત કરી હતી. સિનરનો હરીફ ઈજાના કારણે ખસતા તે આગળ વધ્યો હતો તો કીઝે સંઘર્ષપૂર્ણ જીત મેળવીને આગેકૂચ કરી હતી.

ટાઇટલની હેટ્રિક પૂર્ણ કરવા માટે રોડ લેવર એરેનામાં કોર્ટ પર ઉતરેલા સિનરે એક કલાકથી થોડો વધુ સમય ત્યાં વિતાવીને માત્ર ત્રણ ગેમ ગુમાવીને 6-2, 6-1થી આગળ હતો ત્યારે હ્યુગો ગેસ્ટન અચાનક અજ્ઞાત ઈજાને કારણે મેચમાંથી ખસી ગયો હતો. પોતાની 50મી ગ્રાન્ડ સ્લેમ મેચ રમી રહેલી નવમી ક્રમાંકિત કીઝે પહેલા રાઉન્ડમાં ૬-4થી પાછળ રહ્યા પછી જોરદાર વાપસી કરીને ઓલેક્ઝાન્ડ્રા ઓલિનીકોવાને 7-6, 6-1 થી હરાવી હતી. દરમિયાન, મહિલા વિભાગમાં, સવારના સત્રમાં બે ક્રમાંકિત ખેલાડીઓનો પરાજય થયો હતો. ઇન્ડોનેશિયાની જેનિસ તજાને 22મી ક્રમાંકિત કેનેડાની લૈલા ફર્નાન્ડીઝને 6-2, 7-6થી અને ચેક રિપબ્લિકની ટેરેઝા વેલેન્ટોવાએ ઓસ્ટ્રેલિયાની 30મી ક્રમાંકિત માયા જોઈન્ટને 6-4, 6-4 થી હરાવી હતી.

માજી યુએસ ઓપન ચેમ્પિયન સ્લોએન સ્ટીફન્સ પણ પહેલા રાઉન્ડમાં કેરોલિના પ્લિસ્કોવા સામે 7-6, 6-2થી હારી ગઈ. પુરૂષ સિંગલ્સમાં અમેરિકન બેન શેલ્ટને ફ્રાન્સના હ્યુગો હમ્બર્ટને 6-3, 7-6, 7-6થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. બેલ્જિયમના રાફેલ કોલિગ્નન ચોથા સેટમાં નિવૃત્ત થયા બાદ પાંચમા ક્રમાંકિત લોરેન્ઝો મુસેટ્ટી બીજા રાઉન્ડમાં આગળ વધ્યો.

---

### શબ્દગુંફન - ૭૧૫૦

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧.ખેડૂત (૪)
૪. રસ સમજનાર (૩)
૬. સ્ત્રી સેવક (૩)
૮. ધજામાં મગરના ચિહ્નવાળા કામદેવ (૫)
૧૧. વિદાયગીરી (૪)
૧૩. પીડા, કંટાળો, ત્રાસ (૨)
૧૪. પિતા, વહાલનું સંબોધન (૨)
૧૫. ઇચ્છા, બુદ્ધિ, જ્ઞાન (૩)
૧૬. લગની, હઠ (૨)
૧૮. દાણાદાર લોટ (૨)
૧૯. બદલો, વટાવ (૪)
૨૨. દહીં (૨)
૨૩. દિલ, અંતઃકરણ (૨)
૨૪. તક, પ્રસંગ (૨)
૨૬. હઠ, દુરાગ્રહ (૩)
૩૦. પુરુષ (૩)
૩૨. ભવિષ્ય કહેવું તે (૪)
૩૫. દિવસ (૨)

**ઊભી ચાવી**

૧. બનાવટી, અકુદરતી (૩)
૨. મદદ (૩)
૩. કાવ્ય રચનાર (૨)
૫. એક સરખું (૪)
૬. પુલ, પાળ (૨)
૭. કાર્ય, વરો ૯૩)
૯. સુંદર, મનોહર (૪)
૧૦. સાંકડો પગરસ્તો (૨)
૧૨. ગીત રચનાર (૪)
૧૩. શેરડીનું ખેતર કે વાવેતર (૨)
૧૬. ગોળની ચાકી (૨)
૧૭. સમય, વખત (૨)
૧૮. કૃપા દાખવનાર (૩)
૧૯. જંગલ(૨)
૨૦. હોડી (૨)
૨૧. સુરક્ષિત, રક્ષણ (૪)
૨૩. અભિપ્રાય (૨)
૨૫. ફળ કે ઝાડના થડનો ગર્ભ (૨)
૨૭. મૃગ, ચંદ્ર (૩)
૨૮. ભાઈ (૨)
૨૯. કમળ (૩)
૩૧. શ્વાસ (૨)
૩૨. મોટું (૨)
૩૩. તારક (૨)



## આજનું પંચાંગ

**તા. 21/01/2026, બુધવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** મહા
**તિથિ:** સુદ : ત્રીજ :26:48
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 01
**નક્ષત્ર :** ઘનિષ્ઠા : 13:59
**યોગ :**વ્યતિપાત
**કરણ:** તૈતિલ
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:20 **નવકારસી :** 08:08
**પારસી વર્ષ :** 1395, શેહરેવર માસનો 10મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શાબાન માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે : 12:00 થી 13:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નવા રોકાણ અને મિત્રો સાથે વ્યવહારમાં ધીરજ અને પ્રેમમાં તાલમળે રાખવો. મન અશાંત રહે.

**વૃષભ (બ,વ,ઉ,):** નવા કામની શરૂઆતમાં વડીલોની સલાહ માનવી. નવી જવાબદારીથી માન વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** મિલન-મુલાકાતનું આયોજન થાય. મનોરંજન પ્રવાસ થાય. કાયદા, લેખન, શિક્ષણ વગેરેમાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** આંખ, પેટ અને પાચન તંત્રની સમસ્યા સતાવે.ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** ભાગીદારીની મિટીંગમાં નવા નિર્ણય લેવાય. સમાજ-પરિવારની સમસ્યાનું સમાધાન થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં જવાબદારી વધે. હરીફોની હેરાનગતિ વધે. આરોગ્યના ખર્ચા વધે. મિત્રોની મદદ મળે.

**તુલા (ર,ત,):** પ્રેમમાં ગેર સમજ અને મિત્રો સાથે ઘર્ષણથી માનસિક અશાંતિ વધે. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં અશાંતિ રહે. મકાન, વારસાના પ્રશ્નો સતાવે. બહારના કામની ચિંતા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આત્મવિશ્વાસ વધશે. ભાઈ-બહેનો સાથે તાલ મેળ રાખવો. અચાનક નવી તક મળી શકે છે.

**મકર (ખ,જ,):** માર્કેટીંગ, શિક્ષણ ટ્યુશન દલાલી અને ખાણી-પીણીના ધંધામાં નવી તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આત્મવિશ્વાસ વધશે. હાથ પરના કામ પાર પડે. વાદ-વિવાદ અને વાહન બાબતે સાવધાન.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. સંતાન ચિંતા વધે. કોઇ કાવતરાથી સાવધાન રહેવું ખર્ચા વધશે.

### કોઈ પણ સાલમાં 21 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ચડતી પડતીની સાથે ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફો વધશે. સમાજમાં અશાંતિ રહે. પરિવારની અપેક્ષા વધશે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય.ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને તક મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. મિત્રો-વડીલોની મદદથી વધારાની અવાકની યોજના આગળ વધે. વારસા, જાયદાદ, જમીનનાં કામ ધીમાં પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વર્ષ દરમિયાન ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર અને ગુરુ -શુક્રવાર તથા 3, 12, 21, 30 તા. તમારા માટે અનુકૂળતાવાળી હોવાની નવા કામ કરી શકાય. જૂન-જુલાઈ રવિ-બુધવાર અને 2,11,20,29 તારીખ ટાળવી. લાલ-ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. પીળા, જાંબલી, સોનેરી રંગનો ઉપયોગ વર્ષ દરમિયાન કરતા રહેવું.

## અનુસંધાન ... પાના પહેલાનું

### "દુનિયામાં હવે...

અંગત ટેક્સ્ટ મેસેજ જાહેર કર્યા પછી આવ્યું છે, જેમાં મેક્રોને ગ્રીનલેન્ડ માટેની ટ્રમ્પની યોજનાઓ અંગે સ્પષ્ટતા કરવા તેમને વિનંતી કરી હતી. આંખની તકલીફને છુપાવવા માટે એવિએટર સનગ્લાસ પહેરીને, મેક્રોને આજે દાવોસમાં બોલતા વધુમાં કહ્યું કે જેને તેઓ 'સામ્રાજ્યવાદી મહત્વાકાંક્ષાઓ' કહે છે તે ફરી સપાટી પર આવી રહી છે. મેક્રોને તેમના ભાષણની શરૂઆત એમ કહીને કરી હતી કેઃ 'આ શાંતિ, સ્થિરતા અને આગાહી કરી શકાય તેવો સમય છે, તેમ છતાં આપણે અસ્થિરતા અને અસંતુલન તરફ આગળ વધ્યા છીએ,' તેમણે ઉમેર્યું કે 'સંઘર્ષ હવે સામાન્ય બની ગયો છે'. જો કે મેક્રોને સીધી રીતે અમેરિકી પ્રમુખનું નામ લીધું ન હતું પરંતુ કહ્યું હતું કે તેઓ 'ગુંડાઓ કરતા સન્માન' અને 'ક્રૂરતા કરતા કાયદાના શાસન' ને વધુ પસંદ કરે છે.

### ગ્રીનલેન્ડને લીધે...

કંપનીઓનું બજાર મૂડીકરણ (માર્કેટ કેપિટલાઇઝેશન) રૂ. ૯,૮૬,૦૯૩.૯૬ કરોડ ઘટીને રૂ. ૪,૫૫,૮૨,૬૮૩.૨૯ કરોડ (૫.૦૧ ટ્રિલિયન યુએસ ડોલર) થઈ ગયું હતું. સેન્સેક્સની ૩૦ કંપનીઓ પૈકી Eternal માં સૌથી વધુ ૪.૦૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો, ત્યારબાદ બજાજ ફાઇનાન્સ (૩.૮૮ ટકા), સન ફાર્મા, ઇન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, એશિયન પેઇન્ટ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફિનસર્વના શેરના ભાવ ઘટ્યા હતા.

ગ્રીનલેન્ડ પર ટ્રમ્પ વહીવટીતંત્રની નવી ટેરિફની ધમકીઓથી ઊભા થયેલા તણાવને કારણે યુએસ ફ્યુચર્સમાં મોટો ઘટાડો થયો હતો અને યુરોપિયન બજારોમાં 1% થી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. ફ્રાન્સનો CAC 40 ઇન્ડેક્સ 1.2% ઘટીને 8,014.42 પર, જ્યારે જર્મનીનો DAX 1.5% ઘટીને 24,581.44 પર પહોંચ્યો હતો. બ્રિટનનો FTSE 100 પણ 1.3% ઘટીને 10,068.04 ના સ્તરે રહ્યો હતો.

### નીતિન નબીનને 'Z'...

અધિકારીઓએ જણાવ્યું હતું કે, થોડાં અઠવાડિયાં પહેલાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સીઆરપીએફને નવા ભાજપ પક્ષના નેતા તરીકે તેમની જાહેરાત બાદ તેમની સુરક્ષાનો હવાલો સંભાળવા સૂચના આપી હતી.

અધિકારીઓએ ઉમેર્યું હતું કે, દેશભરમાં તેમની યાત્રા દરમિયાન સશસ્ત્ર સીઆરપીએફ કમાન્ડો તેમની સાથે રહેશે.

### સોનાએ રૂ. ૫૧૦૦ના...

10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. સ્થાનિક બુલિયન માર્કેટમાં ચાંદીના ભાવમાં પણ તેજી જોવા મળી હતી અને તેણે નવો રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. ચાંદીના ભાવમાં રૂ. 20,400 અથવા લગભગ 7 ટકાનો મોટો ઉછાળો આવ્યો હતો, જેનાથી તે રૂ. 3,23,000 પ્રતિ કિલોગ્રામ(તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. સોમવારે પણ ચાંદીના ભાવમાં રૂ. 10,000નો ઉછાળો આવ્યો હતો અને રાષ્ટ્રીય રાજધાનીમાં તે રૂ. 3 લાખ પ્રતિ કિલોગ્રામના આંકને પાર કરી ગઈ હતી.

### ટ્રમ્પનો 'વિસ્તારવાદી'...

એક AI-જનરેટેડ છબી શેર કરી હતી જેમાં તેઓ ઉપપ્રમુખ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે એક ભૂખંડ પર અમેરિકાનો ધ્વજ લગાવી રહ્યા છે, જેના પર ગ્રીનલેન્ડ, યુએસ ટેરિટરી, સ્થાપના 2026 એવું લેબલ લગાવેલું છે. આ પોસ્ટ ત્યારે આવી છે જ્યારે ટ્રમ્પે ગ્રીનલેન્ડને અમેરિકાના નિયંત્રણ હેઠળ લાવવાના તેમના દબાણને વારંવાર વધાર્યું છે. તેઓ આ આર્કટિક ટાપુને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક હિતો માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાવે છે અને રશિયા કે ચીન દ્વારા તેને કથિત હસ્તગત કરતા રોકવા માંગે છે.

### ટ્રમ્પે મેક્રોન અને...

યુરોપિયન ભાગીદાર દેશો નાટો સાથી ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડ પડાવી લેવાના ટ્રમ્પના પ્રયાસ સામે જાહેરમાં વ્યક્ત કરી રહ્યા છે. ગ્રીનલેન્ડના વિવાદની ચર્ચા કરતા પહેલા, મેક્રોને તેમના સંદેશમાં અન્ય એવા મુદ્દાઓ પર વાત કરવાનું પસંદ કર્યું જેમાં તેઓ અને ટ્રમ્પ લગભગ એક સમાન મતના જણાતા હોય. ફ્રેન્ચ નેતાએ અંગ્રેજીમાં લખ્યું હતું કે, આપણે સીરિયા પર સંપૂર્ણ રીતે સહમત છીએ. આપણે ઈરાન પર પણ મહાન કાર્યો કરી શકીએ છીએ. ત્યારબાદ, તેમણે ઉમેર્યુંઃ ગ્રીનલેન્ડ પર તમે શું કરી રહ્યા છો તે મને સમજાતું નથી, અને તેની તરત જ પછી લખ્યુંઃ ચાલો આપણે કંઈક મહાન બનાવવાનો પ્રયત્ન કરીએ.

### ભાજપ રૂ. ૧૦૦૦૦...

વર્ષના રૂ. 3,967 કરોડ કરતા ઘણું વધારે છે. રૂ. 9,390 કરોડની ફિક્સ્ડ ડિપોઝિટ (FD) સાથે, ભાજપને 2024-25 માં તેની થાપણો પર બેંકો પાસેથી વ્યાજ તરીકે કુલ રૂ. 634 કરોડ પણ મળ્યા છે. ભાજપે 2024-25 માં રૂ. 65.92 કરોડના ઈન્કમ ટેક્સ રિફંડનો દાવો કર્યો હતો અને તેના પર રૂ. 4.40 કરોડની વ્યાજની આવક મેળવી હતી. 2024-25 માં પક્ષના કુલ ખર્ચમાં ચૂંટણી ખર્ચનો હિસ્સો 88.36 ટકા રહ્યો હતો.

### ટ્રમ્પની ફ્રાન્સને...

બીજા તબક્કાને તૈયાર કરવાનો છે. જ્યારે મેક્રોનના આ નકાર વિશે પૂછવામાં આવ્યું ત્યારે ટ્રમ્પે જવાબ આપ્યો, 'સારું, તેમને કોઈ ઈચ્છતું નથી કારણ કે તેઓ ટૂંક સમયમાં પદ પરથી હટી જવાના છે.' ત્યારબાદ ટ્રમ્પે યુરોપ સાથેના વ્યાપાર યુદ્ધની ધમકીને વધુ વેગ આપ્યો હતો. વોશિંગ્ટન માટે ફ્લાઈટમાં સવાર થતા પહેલા ટ્રમ્પે કહ્યું, 'જો તેઓ પ્રતિકૂળતા દાખવશે, તો હું તેમની વાઈન અને શેમ્પેઈન પર ૨૦૦ ટકા ટેરિફ લગાવીશ અને પછી તેઓ જોડાઈ જશે. પરંતુ તેમને જોડાવવું જ પડે એવું જરૂરી નથી.'

ટ્રમ્પે ગ્રીનલેન્ડમાં તેમની કાર્યવાહીનો વિરોધ કરવા બદલ ફ્રાન્સ અને અન્ય કેટલાક યુરોપિયન દેશો પર ટેરિફ લાદવાનું સૂચન પહેલાથી જ કરી દીધું છે. બીજી તરફ, મેક્રોને પણ ૧૦૭.૭ અબજ ડોલરની વસ્તુઓ પર ટેરિફ લગાવવા અને સંભવિતપણે અમેરિકાના યુરોપિયન માર્કેટમાં પ્રવેશને રોકવા માટે યુરોપિયન યુનિયન (EU) પર દબાણ કર્યું છે.

### દિલ્હી ડાયરી...

કરશે અને પ્રિયંકા અને તેના ભાઈ રાહુલ ગાંધી વચ્ચે તિરાડ પાડશે. હકીકતમાં પ્રિયંકાને કોંગ્રેસનો ચહેરો બનાવવામાં આવે છે તો ભાજપ પરેશાન થશે નહીં. કારણ કે, તે માને છે કે, પ્રિયંકા ગાંધી તેમના પતિ રોબર્ટ વાડ્રા સામેના નાણાકીય કેસોને કારણે વધુ નબળા સાબિત થઈ શકે છે.